
મંગળવાર, 23 ડિસેમ્બર, 2025 પોષ સુદ ત્રીજ




વિશ્વાસ, સત્ય અને ઝડપી સમાચાર

# જી ઇન્ડિયા 24

મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : મનીષા નિકમ ❋ મો : ૯૩૧૩૫૨૬૨૬૩ ❋ RNI NO : GUJGUJ/2007/21278 ❋ gindia24.news@gmail.com

રજીસ્ટર ઑફિસે : ૧૨/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : Gindia24 ❋ દૈનિક સોશિયલ આવૃત્તિ ❋ કિંમત : મફત



## ખોડલધામ કેન્સર હોસ્પિટલ: રાજકોટમાં 220 બેડનો પ્લાન જાહેર




રાજકોટ નજીક અમરેલી ગામ પાસે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા નિર્મિત થનારી કેન્સર હૉસ્પિટલ હવે મૂર્ત સ્વરૂપ લઈ રહી છે. આજે ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલ અને ટાટા મેમોરિયલના પદ્મશ્રી ડો. રાજેન્દ્ર અચ્યુત બડવેએ એક પત્રકાર પરિષદમાં હોસ્પિટલનો ફાઈનલ માસ્ટર પ્લાન રજૂ કર્યો હતો. 43 એકરના વિશાળ પરિસરમાં ફેલાયેલી આ હોસ્પિટલ સૌરાષ્ટ્ર માટે આરોગ્યનું મોટું કેન્દ્ર બનશે.

નરેશભાઈ પટેલે માહિતી આપતા કહ્યું કે, પ્રથમ તબક્કે ₹220 બેડની ક્ષમતા સાથે હોસ્પિટલ આગામી 3 વર્ષમાં તૈયાર થઈ જશે. અહીં કેન્સરની તમામ સારવાર એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ડો. બડવેના માર્ગદર્શન હેઠળ આ હોસ્પિટલને દેશની શ્રેષ્ઠ હોસ્પિટલો જેવી સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે. ખાસ કરીને હોસ્પિટલમાં પોઝિટિવ વાતાવરણ રહે તે રીતે તેનું ઈન્ટિરિયર અને ડિઝાઈન તૈયાર કરવામાં આવ્યા છે.આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે અહીં સારવારની સાથે રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ પણ કાર્યરત થશે, જે કેન્સરના નિદાનમાં નવી દિશા ખોલશે. આ ઉપરાંત, ખોડલધામ ટ્રસ્ટ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે પ્રાકૃતિક ખેતી અને શિક્ષણ ક્ષેત્રે પણ મહત્વના અભિયાન ચલાવવાની તૈયારી કરી છે. દર્દીઓના સગા-સંબંધીઓ માટે પરિસરમાં જ રહેવા-જમવાની વ્યવસ્થાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે મોટી રાહત સાબિત થશે.

## કરજણ અકસ્માત અને ટ્રક ચોરી

કરજણ વિસ્તારમાં ક્રાઈમ અને અકસ્માતની બે ઘટનાઓએ પોલીસ તંત્રને દોડતું કર્યું છે. પ્રથમ કિસ્સામાં, રસ્તા પર બેફામ દોડતા વાહનોએ વધુ એક નિર્દોષનો ભોગ લીધો છે. બચાર ગામની સીમમાં રાજેશભાઈ રોહિત પોતાના બાઈક પર પસાર થઈ રહ્યા હતા ત્યારે લીયાકત સૈયદ નામના શખ્સે પોતાના વાહનને ગફલતભરી રીતે હંકારી રાજેશભાઈને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે રાજેશભાઈનું મોત નીપજ્યું છે, જેના કારણે રોહિત પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

અન્ય એક સફળતામાં, કરજણ પોલીસે હાઈવે પર થતી ટ્રક ચોરી ગેંગના એક સાગરીતને દબોચી લીધો છે. એકતા હોટલ પાસે પાર્ક કરેલો અશોક લેલન ટ્રક, જેની કિંમત ₹10 લાખ આંકવામાં આવી છે, તે અને તેમાં ભરેલી ભેંસોની રાતોરાત ચોરી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને સફળતા મળી અને રાજસ્થાનના બાડમેર જિલ્લાના ભાભલખાન નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપી પાસેથી કુલ ₹14.05 લાખની મત્તાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. હોટલના કમ્પાઉન્ડ જેવી સુરક્ષિત મનાતી જગ્યાએથી આટલી મોટી ચોરી થતા હાઈવે પરના વાહનચાલકોની સુરક્ષા સામે સવાલો ઉઠ્યા હતા, પરંતુ પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો છે.

## સુરત સાત વર્ષની બાળકી દીક્ષા વિવાદ

સુરતમાં સાત વર્ષની બાળકીની દીક્ષાનો વિવાદ હવે ફેમિલી કોર્ટમાં પહોંચ્યો છે, જ્યાં બાળકીના હિત અને કાયદાકીય અધિકારોને ધ્યાનમાં રાખી હાલ દીક્ષા મોકૂફ રખાઈ છે. પિતાનો આક્ષેપ છે કે પત્નીએ દીક્ષાની જીદ પકડી ઘર છોડ્યું હતું, જ્યારે માતાએ કોર્ટમાં પિતાની હાજરીના ફોટોગ્રાફ્સ રજૂ કરી દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા છે. પિતાના વકીલની દલીલ છે કે આટલી નાની વયે બાળકી સંયમ માર્ગનો નિર્ણય લેવા સક્ષમ નથી. કોર્ટે માતા પાસે સ્પષ્ટતા માંગી છે અને બાળકીના ઉજ્જવળ ભવિષ્ય માટે કાયદાકીય મનાઈહુકમની પ્રક્રિયા તેજ બની છે.

## અમદાવાદ કોર્પોરેટરોનો જંગ: NCP vs કોંગ્રેસ વચ્ચે વિવાદ

અમદાવાદનું રાજકારણ અત્યારે ગટરથી પણ ગંદુ થઈ ગયું હોય તેમ લાગે છે. કુબેરનગર વોર્ડના બે કોર્પોરેટરો કામિનીબેન ઝા અને નિકુલસિંહ તોમર વચ્ચેનો વિવાદ હવે લોકમુખે ચર્ચાઈ રહ્યો છે. મહિલા કોર્પોરેટરે આક્ષેપ કર્યો છે કે નિકુલસિંહ પોતાને 'બાહુબલી' સમજી ગાળાગાળી કરાવે છે અને તેમના માણસો ધમકીઓ આપે છે. ભાગવત કથાના ફાળા જેવી ધાર્મિક બાબતમાં પણ રાજકીય વર્ચસ્વ જમાવવાની કોશિશ થઈ રહી છે.

સામે પક્ષે NCP પ્રમુખ નિકુલસિંહે ગંભીર આક્ષેપોની ફાઈલ ખોલી છે. તેમણે દાવો કર્યો છે કે કોંગ્રેસના કોર્પોરેટર RTI ના નામે કોન્ટ્રાક્ટરોને બ્લેકમેલ કરી પૈસા પડાવે છે. પહેલા વિજિલન્સ તપાસ કરાવો અને પછી પૈસા લઈને કોન્ટ્રાક્ટરને નિર્દોષ જાહેર કરી દો - આ છે આ નેતાઓની 'સેવા'. પાંચ વર્ષ સુધી જનતાને લૂંટનારા આ નેતાઓ જ્યારે ચૂંટણી નજીક આવે ત્યારે ભક્તિના નામે દેખાડો કરે છે. આ વિવાદે સાબિત કરી દીધું છે કે રાજકારણ હવે માત્ર મલાઈ ખાવાનું સાધન બની ગયું છે.


## વડોદરા જિલ્લામાં પ્રોહિબિશન ડ્રાઈવ: દારૂનો જથ્થો ઝડપાયો

વડોદરા જિલ્લામાં સુરક્ષા અને નશાબંધીના કાયદાને વધુ પ્રભાવશાળી બનાવવા માટે પોલીસ તંત્ર દ્વારા વ્યાપક અભિયાન છેડવામાં આવ્યું છે. રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ, દારૂના વેચાણ અને હેરાફેરીને જડમૂળથી ઉખેડી નાખવા માટે જિલ્લાના આઠ મુખ્ય પોલીસ સ્ટેશનો દ્વારા સઘન દરોડા પાડવામાં આવ્યા છે. પોલીસની અલગ-અલગ ટીમોએ પાદરા, વડુ, મંજુસર, ડભોઇ, વાઘોડિયા, શિનોર, વરણામા અને ચાણોદ વિસ્તારમાં બાતમીના આધારે કાર્યવાહી કરી હતી. આ સફળ ઓપરેશન દરમિયાન દેશી દારૂના ભઠ્ઠા, વિદેશી દારૂનો છુપાયેલો જથ્થો અને તાડીની હેરાફેરી કરનારા તત્વોને ઝડપી પાડવામાં આવ્યા છે. આ દરોડાઓ દ્વારા પોલીસે સાબિત કર્યું છે કે ગુજરાતમાં કાયદાનું શાસન સર્વોપરી છે. રાજકીય દ્રષ્ટિએ આ કામગીરી સરકારની મજબૂત ઈચ્છાશક્તિનું પરિણામ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં થતી દારૂની બદીને રોકવા માટે સ્થાનિક લોકોના સહયોગથી પોલીસે આ સફળતા મેળવી છે. પોલીસની આ તત્પરતાને કારણે અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપ્યો છે. આગામી પર્વો અને ઉત્સવોને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવામાં આવી છે. પોલીસની આ કામગીરીથી માત્ર ગુનાખોરી જ નહીં ઘટે, પરંતુ અકસ્માતોના પ્રમાણમાં પણ ઘટાડો થશે, જે વિકસિત ગુજરાતના પાયામાં એક મહત્વનું પગલું છે.

## વડોદરા: મનરેગા ખતમ કરવાના ભાજપના પેતરા સામે કોંગ્રેસનો મોરચો

ભાજપ સરકારની તાનાશાહી: મનરેગા બચાવવા મેદાને ઉતરેલા કોંગ્રેસના કાર્યકરો પર દમનનો દૌર વડોદરાના ગાંધીનગર ગૃહ ખાતે આજે લોકશાહીના લીરેલીરા ઉડતા જોવા મળ્યા હતા. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) ને નબળી પાડવાના કેન્દ્ર સરકારના બદઈરાદા સામે કોંગ્રેસે અવાજ ઉઠાવ્યો, જેને દબાવવા માટે સરકારી મશીનરીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો. કાર્યકરો જ્યારે શાંતિપૂર્ણ રીતે શ્રમિકોના અધિકારોની માંગ કરી રહ્યા હતા, ત્યારે તેમને ટીંગાટોળી કરી પરાણે વાહનોમાં ભરી દેવામાં આવ્યા હતા.

કોંગ્રેસના મતે, ભાજપ સરકાર 'વિકસિત ભારત'ના નામે ગરીબોની આજીવિકા છીનવી રહી છે. નવા બિલના બહાને મનરેગા જેવી ઐતિહાસિક યોજનાનું અસ્તિત્વ જોખમમાં મૂકવામાં આવ્યું છે. પોલીસ સ્ટેશનમાં પણ કાર્યકરોએ જમીન




પર બેસી સૂત્રોચ્ચાર કરીને સરકારની કામગીરી પર ફિટકાર વર્ષાવ્યો હતો. આ વિરોધ માત્ર એક શરૂઆત છે અને આગામી દિવસોમાં શ્રમિક વિરોધી ભાજપ સરકાર સામે આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી છે.

## સુરત ઉધના છેડતી સાઈકો ધરપકડ

સુરતના ઉધના વિસ્તારમાં મોર્નિંગ વોક માટે નીકળતી મહિલાઓની છેડતી કરી ફફડાટ ફેલાવનાર ૨૦ વર્ષીય વિકાસ નિશાદને પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી દબોચી લીધો છે. આરોપી પોતાની બાઈકની નંબર પ્લેટ પર કાળો રંગ લગાવી અંધારાનો લાભ લઈ મહિલાઓને નિશાન બનાવતો હતો. સાદા ડ્રેસમાં વોચ ગોઠવી રહેલી ટીમે આ વિકૃત માનસ ધરાવતા શખ્સને રંગેહાથ પકડી પાડ્યો હતો. ઘટનાસ્થળે તપાસ દરમિયાન મહિલા પોલીસકર્મીઓએ આરોપીને જાહેરમાં શાન ઠેકાણે લાવી દીધી હતી. આ કડક કાર્યવાહીથી વિસ્તારની મહિલાઓમાં ફરી સુરક્ષાનો વિશ્વાસ જાગ્યો છે.

આપણા શહેર, એરિયા માં થતા બનાવ ના સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો ૯૩૧૩૫૨૬૨૬૩

# નવયુગ સ્કૂલની ઘોર બેદરકારી: સાસણ પ્રવાસમાં વિદ્યાર્થીનું મોત





રાજકોટની નવયુગ સ્કૂલ દ્વારા આયોજિત પ્રવાસ એક પરિવાર માટે કાયમી માતમ બની ગયો છે. સાસણના 'ધ ગીર ગેટ વે રિસોર્ટ' માં શિક્ષકોની નજર સામે ૧૩ વર્ષીય હાર્દિક પાણીમાં ગરકાવ થઈ ગયો અને કોઈ તેને બચાવી શક્યું નહીં. આ ઘટના માત્ર અકસ્માત નથી, પણ સીધી રીતે 'મર્ડર' સમાન બેદરકારી છે. ૧૫૭ વિદ્યાર્થીઓ વચ્ચે માત્ર ૧૨ શિક્ષકો, શું આ પૂરતી સુરક્ષા છે? સરકાર અને શિક્ષણ વિભાગ માત્ર કાગળ પર નિયમો બનાવે છે, જેનો શાળાઓ ખુલ્લેઆમ ઉલાળિયો કરે છે. હાર્દિક બે બહેનોનો એકનો એક ભાઈ હતો, તેના પિતા કેમિકલ ફેક્ટરીમાં મજૂરી કરીને તેને ભણાવતા હતા. આજે તે પિતાનો આક્રોશ અને "દીકરા ઊભો થા.. જો પપ્પા આવી ગયા" એ શબ્દો સિસ્ટમ સામે લપડાક છે. રિસોર્ટ અને શાળા સંચાલકોની મિલીભગતની તપાસ થવી જોઈએ. શું સત્તાધારી પક્ષના નેતાઓ આ ગરીબ પરિવારને ન્યાય અપાવશે કે પછી શાળાના મળતિયાઓને બચાવવામાં આવશે?

# સોમનાથ-દ્વારકા અને નમો શક્તિ એક્સપ્રેસ-વે: ગુજરાતનો નવો રોડમેપ

ગુજરાતને આર્થિક પાવરહાઉસ બનાવવાના હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માર્ગ અને મકાન વિભાગના મહત્ત્વાકાંક્ષી એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી છે. આ રોડમેપના કેન્દ્રમાં રોજગારી અને લોકોની સુખાકારી છે. પીપાવાવ-ડીસા વચ્ચે ₹3,600 કરોડના ખર્ચે 'નમો શક્તિ એક્સપ્રેસ-વે' અને સોમનાથ-દ્વારકા વચ્ચે ₹5,700 કરોડના ખર્ચે એક્સપ્રેસ-વે તૈયાર કરવામાં આવશે.

આ બંને પ્રોજેક્ટ સંપૂર્ણ ગ્રીનફિલ્ડ પ્રકારના હશે, જે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના 13 જિલ્લાઓમાંથી પસાર થશે. અમદાવાદ-રાજકોટ વેને પણ આ માળખામાં આવરી લેવાતા ઈન્ડસ્ટ્રિયલ અને મેન્યુફેક્ચરિંગ કોરિડોર વધુ મજબૂત બનશે. ડીપીઆર તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે, જેમાં બંદરો, રેલવે અને ઔદ્યોગિક વિસ્તારોના જોડાણને પ્રાધાન્ય અપાયું છે.

એક્સપ્રેસ-વેના નિર્માણથી મુસાફરીનું અંતર 70 થી 80 કિમી ઘટશે અને મુસાફરો જિલ્લા કેન્દ્રોથી માત્ર એક કલાકમાં એક્સપ્રેસ-વે પર પહોંચી શકશે. પ્રવાસન ક્ષેત્રે પણ મોટી ક્રાંતિ આવશે કારણ કે અંબાજીથી સોમનાથ સુધીના તમામ ધાર્મિક સ્થળો આ હાઈ-સ્પીડ કોરિડોરથી જોડાઈ જશે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતના MSME એકમો અને કૃષિ નિકાસ માટે નવી તકોના દ્વાર ખોલશે.




# મવડીમાં ૮૫ વર્ષના વૃદ્ધની ધરપકડ: બાળકી સાથે અડપલાંનો વીડિયો વાયરલ

રાજકોટના મવડી ચોકડી બ્રિજ નીચેના પાર્કિંગમાં જે બન્યું તેણે માનવતાને લાંછન લગાડ્યું છે. ૧૨ વર્ષની બાળકી સાથે ૮૫ વર્ષના વિરમ બરાડિયાએ કરેલી ગંદી હરકતોના વીડિયોએ સમગ્ર શહેરમાં ફિટકારની લાગણી જન્માવી છે. આ એ જ વૃદ્ધ છે જેણે ત્રણ દિવસ પહેલા પણ આ કૃત્ય કર્યું હોવાનું ખુલ્યું છે. જ્યારે માલવિયાનગર પોલીસે તેને જેલના સળિયા પાછળ ધકેલ્યો, ત્યારે પસ્તાવો કરવાને બદલે તે "નાક કપાઈ ગયું" હોવાનું રોદણું રડતો હતો.

આ ઘટના સીધી રીતે કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતા અને કથળતા સામાજિક મૂલ્યોનું પરિણામ છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે તે અડપલાં કરી રહ્યો છે, છતાં તેનો રિક્ષાચાલક પુત્ર પણ પિતાનો બચાવ કરી રહ્યો છે. આ કેવી માનસિકતા છે? સવાલ એ ઊઠે છે કે જો ૮૫ વર્ષના દાદા પર ભરોસો ન કરી શકાય, તો દીકરીઓ જશે ક્યાં?

પોલીસે પોતે ફરિયાદી બનવાની તૈયારી બતાવી ત્યારે જઈને પિતાએ હિંમત કરી ફરિયાદ નોંધાવી. આ કિસ્સો સમાજ માટે લાલબત્તી સમાન છે. રાજકીય પક્ષોએ વોટબેંકની રાજનીતિ છોડી આવા હવસખોરો સામે સામાજિક બહિષ્કાર અને કડક કાયદાની માંગ કરવી જોઈએ. ન્યાયતંત્રએ આ નફ્ફટ વૃદ્ધને એવી સજા આપવી જોઈએ કે ફરી કોઈ 'ભાભો' પૌત્રી સમાન બાળકી સામે નજર બગાડતા પહેલા હજાર વાર વિચારે.



# સુરત મોડલ હની પટેલનું આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું: વિવાદ


સુરતમાં આમ આદમી પાર્ટીના વળતા પાણી શરૂ થયા હોય તેવા દ્રશ્યો સર્જાઈ રહ્યા છે. જાણીતી મોડલ હની પટેલે પક્ષમાંથી રાજીનામું આપીને રાજકીય આલમમાં ખળભળાટ મચાવ્યો છે. હની પટેલ જ્યારે પક્ષમાં જોડાયા ત્યારે તેને મોટી ઉપલબ્ધિ ગણાવવામાં આવતી હતી, પરંતુ હવે તેમનું જવું પક્ષની છબીને મોટું નુકસાન પહોંચાડી રહ્યું છે.

રાજકીય પંડિતોનું માનવું છે કે હની પટેલનું રાજીનામું એ પક્ષમાં ચાલી રહેલી ગંદી રાજનીતિનું પરિણામ છે. પક્ષના ટોચના નેતાઓ માત્ર સોશિયલ મીડિયા પર સક્રિય છે, જ્યારે જમીની સ્તરે કાર્યકરો અને પ્રભાવશાળી ચહેરાઓની સતત ઉપેક્ષા થઈ રહી છે. હની પટેલના રાજીનામાના પત્રમાં (અનૌપચારિક રીતે) પણ પક્ષની કામ કરવાની પદ્ધતિ પ્રત્યે રોષ જોવા




મળ્યો છે. આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે AAPમાં માત્ર ડ્રામા અને દેખાડો છે, જ્યારે વાસ્તવિકતામાં ત્યાં કોઈ વિઝન નથી. સુરતના જનમાનસમાં પણ હવે એ સંદેશ જઈ રહ્યો છે કે જે પક્ષ પોતાના સભ્યોને સાચવી નથી શકતો, તે જનતાનું ભલું કેવી રીતે કરશે?

# ગિફ્ટ સિટીમાં દારૂના નિયમોમાં મોટી છૂટછાટ: હવે નહીં જોઈએ પરમિટ




ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં દારૂબંધીના નિયમોને નેવે મૂકીને નવી છૂટછાટ જાહેર કરવામાં આવી છે. હસમુખભાઈ નાયકના રિપોર્ટ મુજબ, હવે અન્ય રાજ્યના લોકો કે વિદેશી નાગરિકોને દારૂ માટે પરમિટની જરૂર નહીં રહે. માત્ર એક ફોટો આઈડી બતાવીને તેઓ ગિફ્ટ સિટીની હોટલો અને રેસ્ટોરન્ટમાં દારૂની મજા માણી શકશે. આટલું ઓછું હોય તેમ, હવે ખાનગી રૂમો ઉપરાંત લોન અને સ્વિમિંગ પૂલ જેવા જાહેર વિસ્તારોમાં પણ શરાબ પીરસવાની મંજૂરી આપી દેવાઈ છે.

રાજકીય વર્તુળોમાં આ નિર્ણયને લઈને ભારે આક્રોશ છે. શું સરકાર ગુજરાતને દારૂના અડ્ડામાં ફેરવવા માંગે છે? ૨૧ વર્ષની ઉંમર નક્કી કરીને સરકાર જવાબદારીમાંથી હાથ ઊંચા કરી રહી છે, પણ વાસ્તવમાં આ દારૂબંધીના કાયદાનો મૃત્યુઘંટ છે. ૨૫ મહેમાનોને આમંત્રિત કરવાની છૂટ આપીને સરકારે મોટી મહેફિલો માટે રસ્તો સાફ કરી આપ્યો છે. વિકાસના નામે આ પ્રકારની છૂટછાટ આપવી એ ગાંધીના મૂલ્યોનું અપમાન છે. એક તરફ ગરીબ માણસ દારૂ સાથે પકડાય તો જેલ થાય છે, અને બીજી તરફ ગિફ્ટ સિટીમાં 'વાઈન એન્ડ ડાઈન' ના નામે ઉત્સવો ઉજવવાની છૂટ! આ ભેદભાવભરી નીતિ સાબિત કરે છે કે સરકાર માત્ર અમીરો અને કોર્પોરેટ જગતના ઈશારે ચાલી રહી છે.

# વડોદરા હિટ એન્ડ રન: આરોપી રક્ષિત ચૌરસિયાને ૯ મહિના બાદ જામીન

વડોદરામાં હોળીના તહેવારને લોહીલુહાણ કરનાર રક્ષિત ચૌરસિયાને ૯ મહિનાની જેલ બાદ ગુજરાત હાઈકોર્ટે જામીન આપતા સામાજિક ગ્લાનિ વ્યાપી ગઈ છે. આ એ જ નબીરો છે જેણે નશામાં ચૂર થઈને ૮ લોકોને કાર નીચે કચડ્યા હતા, જેમાં એક વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું હતું. શું ૯ મહિનાની જેલ એક માનવ જીવનની કિંમત બરાબર છે?

આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ગુજરાતમાં 'દારૂબંધી' માત્ર કાગળ પર છે અને નબીરાઓ માટે 'કાયદો' માત્ર સગવડ છે. પીડિત પરિવારો હજુ પણ શારીરિક અને માનસિક આઘાતમાંથી બહાર આવ્યા નથી, ત્યાં આરોપીને મળેલી આ રાહત ન્યાયતંત્ર પરથી લોકોનો વિશ્વાસ ઉઠાવી દે તેવી છે. રાજકીય નેતાઓ જે મોટી વાતો કરે છે, તેઓ આ મામલે કેમ મૌન છે? શું આરોપીના પરિવારનો વગ કે પૈસાનો પ્રભાવ કાયદાથી ઉપર છે?



વડોદરાની જનતા પૂછી રહી છે કે જો આ ગુનો કોઈ ગરીબ રિક્ષાચાલકે કર્યો હોત તો શું તેને પણ આટલી જલ્દી જામીન મળત? આ નકારાત્મક વલણ સમાજમાં એક ખોટો સંદેશ આપી રહ્યું છે કે પૈસા હોય તો ગમે તેવા પાપ ધોઈ શકાય છે. આ જામીન સામે સરકાર કડક વલણ અપનાવી સુપ્રીમ કોર્ટમાં જશે કે પછી રાબેતા મુજબ ફાઈલ દબાવી દેવામાં આવશે?

**આપણા શહેર, એરિયા માં થતા બનાવ ના સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો ૯૩૧૩૫૨૬૨૬૩**